દાખલ તારીખ :– ૦૨–૦૩–૨૦૨૬
નોંધણી તારીખ :– ૦૨–૦૩–૨૦૨૬
ફેંસલ તારીખ :– ૦૭–૦૩–૨૦૨૬
સમયગાળો :– **વર્ષ–માસ–દિવસ**
**૦૦ – ૦૦ – ૦૫**

**પાટણના મે.ચોથા એડીશનલ સેશન્સ જજ શ્રીની કોર્ટમાં, મુ.પાટણ.**

**ક્રિ.પર.અ.નં. ૧૭૯/૨૦૨૬**

**આંક :– ૦૮**

**અરજદાર :–** અમૃતભાઈ ઉર્ફે અમરતભાઈ ત્રિભોવનભાઈ,
ઉ.વ.આ.૬૬, ધંધોઃ મજૂરી,
રહે.દૂધ સાગર ડેરી પાસે, મુ.કિમ્બુવા,
તા.સરસ્વતી, જી.પાટણ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :–** શ્રી સરકાર

**બાબત :–** બી.એન.એસ.એસ.નીકલમ–૪૮૩(૧) અન્વયે વચગાળાના જામીન મેળવવાની અરજી.

**એડવોકેટસ :–**

અરજદાર/આરોપી તર્ફે વિ.વકીલશ્રી વી.પી.યોગી

સામાવાળા શ્રી સરકાર તર્ફે વિ. એ.પી.પી.શ્રી આર.પી.રાવલ

**-::ઠ રા વ::-**

(૧) આ કામના અરજદાર/આરોપી સરસ્વતી પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨ ૧૭૦૪૧૨૫૦૪૯૮/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ - ૧૦૯(૧), ૧૦૩(૧) તથા જી. પી. એક્ટની કલમ - ૧૩૫ મુજબના ગુનાના કામે જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોઈ, અરજદાર/આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩(૧) અન્વયે અરજીમાં જણાવેલ કારણો અને હકીકતો મુજબ દિન- ૬૦ ના વચગાળાના જામીન મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપી ની હાલની અરજી અંગે સામાવાળા શ્રી સરકારને તથા ત.ક.અમલદારશ્રીને નોટીસ કરવામાં આવેલી. સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી આર.પી.રાવલ હાજર રહેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી ને તથા સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા તથા અરજદાર/ આરોપી ની વચગાળાની જામીન અરજી, અરજદાર/આરોપી તરફે આંક-૩ ના દસ્તાવેજી લીસ્ટથી રજુ દસ્તાવેજી પુરાવાઓ તથા આંક-૭ થી રજૂ થયેલ ત.ક.અ.શ્રીનો અભિપ્રાય તથા અભિપ્રાય સાથે રજૂ થયેલ અરજદાર/ આરોપીની કરાવેલ મેડીકલ સારવાર અંગેના પેપર્સ વંચાણે લીધા.

(૪) અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલ એવી છે કે, આ કામના અરજદાર/આરોપી સરસ્વતી પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨ ૧૭૦૪૧૨૫૦ ૪૯૮/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ - ૧૦૯(૧), ૧૦૩(૧) તથા જી.પી.એક્ટની કલમ - ૧૩૫ મુજબના ગુનામાં તા.૨૯/૦૮/૨૦૨૫ થી કસ્ટડીમાં છે અને હાલના ગુનાનું ચાર્જશીટ થઇ ગયેલ છે જેનો સેશન્સ કેસ નં.૮૭/૨૦૨૫ પડેલ છે અને તે કેસ હાલ ચાર્જના સ્ટેજે પેન્ડીગ છે. વધુમાં અરજદાર/આરોપીને જમણા પગમાં અતિશય દુખાવો થતા જેલમાંથી

સારવાર કરાવવા ધારપુર હોસ્પિટલ પાટણ ખાતે લઇ ગયેલ અને ત્યાં ડોક્ટરે તેઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરેલ અને અમદાવાદ ડોક્ટર સાહેબની સલાહ મુજબ તેઓને જમણા પગમાં પરૂ થઇ ગયેલ છે અને પગનું ઓપરેશન કરાવવું પડેશે તેમ જણાવેલ જેથી તેઓએ પ્રાઈવેટ દવાખાનામાં તેઓના પગની સારવાર તથા ઓપરેશન કરાવવા તેમજ તે માટે નાણાંકીય વ્યવસ્થા કરવા માટે દિન-૬૦ ના વચગાળાના જામીન મેળવવા હાલની અરજી કરેલ છે. વધુમાં અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તેવા જામીન આપવા તેમજ નામદાર કોર્ટ ફરમાવે તેવી તમામ શરતોનું પાલન કરવા તૈયાર અને ખુશી છે. જેથી વચગાળાના જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૫) આ કામે શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. આ કામના અરજદાર/ આરોપી તરફે વિ.વ.શ્રીએ અરજદાર/આરોપીને પગની તકલીફ હોઈ પ્રાઈવેટ દવાખાનામાં સારવાર કરાવવા માટે દિન-૬૦ ના વચગાળાના જામીન ઉપર મુક્ત કરવા રજૂઆત કરેલ છે. જેથી ડીપોઝીટ સાથે જામીન આપવામાં આવે તો વાંધો ન હોવાની રજૂઆત કરેલ છે.

(૬) બંને પક્ષકારો તરફેની દલીલો ધ્યાને લીધી. અરજદાર/આરોપી ની જામીન અરજી તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ સરસ્વતી પો.સ્ટે.ગુ.ર. નં.૧૧૨૧૭૦૪૧૨૫૦૪૯૮/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ-૧૦૯(૧), ૧૦૩(૧) તથા જી.પી.એક્ટની કલમ - ૧૩૫ મુજબના ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. આ કામે અરજદાર/આરોપીએ તેઓના પગનું ઓપરેશન પ્રાઈવેટ દવાખાનામાં કરાવવા માટે દિન-૬૦ ના વચગાળાના જામીન માંગેલ છે. પરંતુ હાલના અરજદાર/આરોપી સામે ગંભીર પ્રકારના ખુનના ગુનાનો આક્ષેપ છે. વધુમાં આ કામે ત.ક.અ.શ્રી તરફે આંક-૭ થી રજૂ થયેલ

અભિપ્રાય તથા અરજદાર/આરોપીના પગની સારવારના મેડીકલ પેપર્સ વંચાણે લેતાં અરજદાર/આરોપીના પગની સારવાર જેલ ઓથોરીટી મારફત સરકારી દવાખાનામાં થઇ રહી છે અને પગનું ઓપરેશન પણ સરકારી દવાખાનામાં થઇ શકે તેમ છે. આમ, અરજદાર/આરોપીએ તેઓની અરજીમાં જે કારણ જણાવેલ છે તે વ્યાજબી જણાતું નથી. જેથી, અરજદાર/આરોપીએ તેઓની અરજીમાં જે કારણ જણાવેલ છે તે કારણ માટે વચગાળાના જામીન મંજૂર કરવા યોગ્ય જણાતું ન હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

-- આ કામના અરજદાર/આરોપી અમૃતભાઈ ઉર્ફે અમરતભાઇ ત્રિભોવનભાઈ, ઉ.વ.આ.૬૬, ધંધોઃ મજૂરી, રહે.દૂધ સાગર ડેરી પાસે, મુ.કિમ્બુવા, તા.સરસ્વતી, જી.પાટણ નાઓની સરસ્વતી પો.સ્ટે.ગુ.ર. નં.૧૧૨૧૭૦૪૧૨૫૦૪૯૮/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ-૧૦૯(૧), ૧૦૩(૧) તથા જી.પી. એક્ટની કલમ - ૧૩૫ મુજબના ગુનાના કામની બી.એન. એસ.એસ.ની કલમ-૪૮૩(૧) અન્વયેની દિન- ૬૦ ના વચગાળાના જામીન ઉપર મુકત થવા સંબંધેની અરજી આથી **નામંજુર** યાને **રદ** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૭મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭-૦૩-૨૦૨૬
પાટણ

(મહંમદઈરફાન અબ્દુલરઝાકભાઈ શેખ)
ચોથા એડીશનલ સેશન્સ જજ,
પાટણ
જજ કોડ નં.જીજે ૦૦૮૯૨

ARP